ગુજરાત રાજ્યના ખાનગી (બિન સરકારી) સંગ્રહાલયોને આર્થિક સહા
મંજૂર કરેલ અનુદાનની રકમની જોગવાઈમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ઠરાવ ક્રમાંક :સહલ/૧૦૨૦૧૬/૨૨૯૧/અ
બ્લોક નં ૨, ૮મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર -૩૮૨૦૧૦
તારીખ : ૦૭/૦૭/૨૦૧૭

વંચાણે લીધા: -

(૧) શિક્ષણ વિભાગ નો ઠરાવ ક્રમાંક : સહલ/૧૧૮૪/૫૧૧૫૨(૪૬૬૨)/અ તા.૧૫/૨/૧૯૮૮

(૨) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક : સહલ-૧૦૨૦૦૭-333-અ તા.૧૯/૩/૨૦૦૭

(૩) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક : સહલ/ ૧૦૨૦૧૩/ ૧૨૩/ અ તા.૯/૪/૨૦૧૩

(૪) નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકશ્રીની કચેરી નો તા.૨૨/૧૨/૨૦૧૬ પત્ર ક્રમાંક : સહલ/ખાનગી/મ્યુઝિયમ-આર્થિક સહાય/નવી બાબત/સ્ટાફ/૨૦૧૬-૧૭/૧૮૮૦

(૫) રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો ઠરાવ ક્રમાંક : બજટ/ ૧૦૨૦૧૬/ ૨૦૯૮ સંગ્રહાલય- (નોર્મલ-વેજીસ))/અ તા.૭/૬/૨૦૧૭

આમુખ :

આપણા દેશના સમૃધ્ધ એવા સાંસ્કૃતિક વારસાને જાળવી રાખનારા ઉત્તમ નમૂનાઓ ધરાવનારા ખાનગી સંગ્રહાલયો છે જેમાં અપૂરતા નાણાં ભંડોળ અને માનવ સંશાધન ન હોવાથી ધાર્યો વિકાસ સાધી શકાતો નથી. જે માટે આવા બિનસરકારી ખાનગી સંગ્રહાલયોને આર્થિક સહાય આપવા માટે જેતે સમયે શિક્ષણ વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં આવેલ ખાનગી બિન સરકારી સંગ્રહાલયોના વિકાસ માટે અરજી કરીથી પાત્રતા ચકાસ્યા બાદ સહાયક અનુદાન આપવાની યોજના અમલમાં મુકેલ છે જેમા બિનસરકારી સંગ્રહાલયોને નિભાવ માટે વધુમાં વધુ વાર્ષિક રૂ.૧૫૦૦૦/- ની આર્થિક સહાય આપવાનું ઠરાવવામાં આવેલ હતુ. ત્યાર બાદ આ વિભાગના વંચાણે લીધેલ (૨)ના ઠરાવથી આ સહાયમાં વાર્ષિક રૂ.૫૦૦૦/-નો વધારો કરી આ સહાય રૂ.૨૦,૦૦૦/- કરવામા આવેલ હતી.

રાજ્યના ખાનગી બિનસરકારી સંગ્રહાલયોમાં ઘણા મોટા સંગ્રહાલયો, અમૂક મધ્યમ કક્ષાના તથા અમૂક નાના સંગ્રહાલયો આવેલ છે આથી તમામ સંગ્રહાલયોને એક સરખી એટલેકે વાર્ષિક રૂ.૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે તે તર્કસંગત ન લાગતા દરેક સંગ્રહાલયોમાં નમૂનાની સંખ્યા, ગુણવત્તા તેની પ્રાચીનતા, ટીકીટના ફીનું ધોરણ, તેનો વહીવટ, સંસ્થાનો અભિગમ વગેરે બાબતો ધ્યાને લઈ પ્રત્યેક સંસ્થાને આપવામાં આવતી રકમ મેરીટ મુજબ હોવી જોઈએ તથા રૂ.૨૦,૦૦૦/- ની સહાય

ધોરણે કુલ ગ્રાંટ રૂ.૪.૦૦ લાખ ઘણી ઓછી હોઈ તેમા વંચાણે લીધેલ (૩)ના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવથી આ યોજનામાં અનુદાનની રકમ રૂ.૧૦/- લાખ કરવા સને ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં જોગવાઈ કરી તે રકમ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપેલ હતી. આ અનુદાનની રકમ નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય દ્વારા મોનીટરીંગ કમિટી દ્વારા ખાનગી સંગ્રહાલયો પૈકી મોટા, મધ્યમ અને નાના સંગ્રહાલયો માટે નીચે મુજબની અ,બ, ક કેટેગરી પાડી તેની સામે જણાવેલ રકમ દર વર્ષે અનુદાન તરીકે આપવાની યોજના બનાવવામાં આવેલ છે જેમાં

૧ અ-કેટેગરી : મહત્તમ રૂ. ૧.૦૦ લાખ

૨ બ-કેટેગરી : મહત્તમ રૂ. ૫૦ હજાર

૩ ક-કેટેગરી : મહત્તમ રૂ. ૩૦ હજાર.

ની આર્થિક સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ હતુ. આ યોજના પ્રમાણે વર્ષ ૨૦૧૩-૧૪માં અ-કેટેગરીમાં-૯ સંગ્રહાલયો, બ-કેટેગરીમાં-૩-સંગ્રહાલયો, ક-કેટેગરીમાં-૬-સંગ્રહાલયોને સહાય આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના પત્રથી ખાનગી સંગ્રહાલયોના વિકાસ માટે ૨૦૧૭-૧૮ના નવી બાબત તરીકે રૂ.૩૫.૦૦ લાખનો વધારો કરી કુલ રકમ રૂ.૫૦.૦૦ લાખની જોગવાઈ કરવા નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલયે વિભાગને દરખાસ્ત કરેલ હતી. પરંતુ આ વધારો "ગ્રાન્ટ ઈન એઈડ ખાનગી સંગ્રહાલયોને અનુદાન આપવા અંગેની ચાલુ યોજનામાં વધારો કરવાનો થતો હોઈ તેનો સમાવેશ સંગ્રહાલય ખાતાની મહેસુલી સદર હેઠળની ચાલુ બાબત તરીકે મંજૂર થયેલ રૂ.૭૮૯.૦૦ લાખની મર્યાદામાં ખર્ચ કરવાની વહીવટી મંજૂરી વંચાણે લીધેલ ક્રમાંક-૫ સામેના ઠરાવથી આપવામાં આવેલ છે તેમા આ રકમનો વધારો કરવામાં આવેલ છે. જેમા ગ્રાન્ટ ઈન એઈડ ખાનગી સંગ્રહાલયોને અનુદાન આપવા" અંગેની ૧૫.૦૦ લાખની યોજનામાં રૂ.૩૫.૦૦ લાખનો વધારો કરી કુલ રૂ.૫૦.૦૦ લાખ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય દ્વારા વર્ગ વાઈઝ નીચે મુજબ સહાયમાં વધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૧) અ-કેટેગરી : મહત્તમ રૂ. ૩.૦૦ લાખ

(૨) બ-કેટેગરી : મહત્તમ રૂ. ૨.૦૦ લાખ

(૩) ક-કેટેગરી : મહત્તમ રૂ. ૧.૦૦ લાખ

## ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં નિયામકશ્રીને રજૂ થયેલ અરજીઓની ગુણવત્તા અને નિયમ પાલન કરાયેલ છે તે ચકાસણીની બાદ આવેલ બિન સરકારી ખાનગી સંગ્રહાલયોને તેઓના વર્ગ પ્રમાણે નીચે મુજબ સહાય આપવાનું ઠરાવવામાં આવેલ છે.

૧ અ-કેટેગરી : મહત્તમ રૂ. ૩.૦૦ લાખ

૨ બ-કેટેગરી : મહત્તમ રૂ. ૨.૦૦ લાખ

૩ ક-કેટેગરી : મહત્તમ રૂ. ૧.૦૦ લાખ

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૮, મુખ્ય સદર : ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ, ગૌણ સદર ૧૦૭-સંગ્રહાલયો, પેટા સદર : એઆરટી-૦૧(૦૨) સંગ્રહાલયોનો વિકાસ(મહેસૂલ), વિગતવાર સદર : ૩૧૩૫-અન્યને જનરલ સહાયક અનુદાન હેઠળ કરવાનો રહેશે.

આ બિન સરકારી સંગ્રહાલયોના વિકાસ અર્થે આર્થિક સહાય આપવા બાબતના નિયમો નીચે મુજબ છે.

1. સંગ્રહાલય સંસ્થા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ અથવા રજીસ્ટ્રેશન ઑફ સોસાયટીઝ એકટ નોંધાયેલું હોવુ જોઈએ.
2. સંગ્રહાલયનું સંગ્રહવાલાયક ચીજવસ્તુઓ/નમૂનાઓ ઈત્યાદી યોગ્ય જાળવણી અને સંભાળ રહી શકે તેવું મકાન અને એ ચીજવસ્તુઓ નમૂનાઓ ઈત્યાદિના પ્રદર્શન (display) માટે પૂરતા કબાટ(cupboard) અને શોકેશ (show case)હોવા જોઈએ. (ડેડ સ્ટોક રજીસ્ટર ફોટો ડીટેઈલ્સ સાથે પ્રમાણિત કરેલ)
3. સંગ્રહાલયનું સ્થળ એવા વિસ્તારમાં હોવુ જોઈએ કે જેથી પ્રવાસી મુલાકાતીઓ સરળતા પૂર્વક તેની મુલાકાત લઈ શકે. (ટ્રસ્ટ તેમજ રમત-ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની વેબસાઈટમાં દર્શાવવાનું રહેશે)
4. કોઈપણ જાતના બાધ વગર સંગ્રહાલય જાહેર જનતાની મુલાકાત માટે ચોક્કસ દિવસોના નિશ્ચિત સમયગાળા દરમ્યાન ખુલ્લુ રહેવું જોઈએ.
5. સંગ્રહાલય લોકો માટે છે માટે તે લોકો માટે પૂરતા સમય માટે ખુલ્લુ રહેવુ જોઈએ. સંગ્રહાલય ખુલ્લુ રહેવાનો સમય અને રજાના દિવસો વખતો વખત સરકાર ઠરાવે તે પ્રમાણે રહેશે.
6. ઐતિહાસિક, વિવિધ સાંસ્કૃતિક અને પુરાતત્વીય ચીજ્વસ્તુઓ/નમૂનાઓ તથા હસ્તકલાના નમૂનાઓ તથા નૈસર્ગિક ઈતિહાસ (નેચરલ હિસ્ટ્રી) વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક ટેકેનીકોની પરંપરાઓની જાળવણી ઈત્યાદી પૈકી એક કે એકથી વધુ બાબતો પરત્વેનું સંગ્રહાલય હોવું જોઈએ.
7. સંગ્રહાલયો સંગ્રહવા લાયક ચીજવસ્તુઓ/નમૂનાઓ અને સંગ્રહાલયનું મકાન ગુજરાત રાજ્યના સંગ્રહાલય ખાતા દ્વારા પ્રમાણિત હોવું જોઈએ પથમવાર અરજી કરનારે છ-માસમાં પ્રમાણિત કરી લેવાનું રહેશે.
8. નવું સંગ્રહાલય તેની સ્થાપના થયાના વર્ષથી બે વર્ષના ગાળા બાદ આર્થિક સહાય માટે અરજી કરી શકશે.
9. સંગ્રહાલય પાસે તેની પ્રવૃત્તિઓ માટે ઓછામાં ઓછા ૧૦૦૦ (એક હજાર) ચો. ફુટની જમીનની કારપેટ એરીયા મકાનમાં હોવો જોઈએ અને તે મકાનનો કે મકાનના કોઈ પણ ભાગનો ઉપયોગ અન્ય વ્યાપારી હેતુ કે બીજા કોઈ પણ પ્રકારે કરવા દેવામાં આવતો ના હોવો જોઈએ.
10. આ નિયમો હેઠળની આર્થિક સહાય સંગ્રહાલયોના વિકાસના હેતુ માટે જ આપવાની સરકારની નીતિ રહેશે એટલે સરકાર તરફથી સંસ્થાદીઠ મહત્તમ રૂ. 3,00,000/- અથવા સંસ્થા એક લાખ ખર્ચના હિસાબ બન્નેમાંથી ઓછુ હોય જેટલી આર્થિક સહાય મંજૂર કરવામાં આવશે. મતલબ કે સંસ્થા તેના સંગ્રહાલયના વિકાસ માટેની પ્રવૃત્તિઓ પાછળ જેટલો ખર્ચ કરશે તેટલી અથવા રૂ.3,00,000/-થી વધુ નહિ તેટલી આર્થિક સહાય રાજ્ય સરકાર મંજૂર કરશે. સંસ્થાના ફાળામાં કેંન્દ્ર સરકારની કે અન્ય સરકારની ગ્રાન્ટ ગણતરીમાં લેવાશે નહિ. અપવાદરૂપ કેસમાં સરકાર ખાસ કિસ્સામાં વધુ ગ્રાન્ટ મંજૂર કરી શકાશે.

11. સંગ્રહાલયે પોતાના નમૂનાઓ ઈત્યાદી દર વર્ષ અદ્યતન (જરૂરી પ્રમાણપત્ર મેળવવી) રેકર્ડ ઈન્વેંટરી રજીસ્ટરમાં (સંગ્રહાલય ખાતુ મુકરર કરે તેવા નમૂનાપત્રક (પ્રફોર્મા)માં રાખવાનો રહેશે અને પ્રત્યેક સંગ્રહિત ચીજ વસ્તુઓ/નમૂનાઓની છાયાકારી (ફોટોગ્રાફી) ખાતા દ્વારા સૂચિત માપતાલમાં કઢાવીને એક નકલ જે તે સંગ્રહાલયે નિયામકશ્રી. પુરાતત્વ અને સંગ્રહાલય કચેરી, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૭, ગાંધીનગર તરફ મોકલી આપવાની રહેશે અને ત્યાર બાદ જ આર્થિક સહાયનું ચૂકવણું કરવાનું રહેશે.

12. ખાનગી સંગ્રહાલયોને સહાયની રકમ આપવા માટે આ સંગ્રહાલયો પૈકી (અ) મોટા, (બ) મધ્યમ અને (ક) નાના સંગ્રહાલ્યો માટે અ, બ, ક કેટેગરી નક્કી કરવાની સત્તા આ અંગેની રચાયેલ મોનીટરીંગ સમિતિની રહેશે.

13. સરકારની આર્થિક સહાય દ્વારા મેળવેલ પ્રાચીન કલાકૃતિઓ/ચીજવસ્તુઓ/નમૂનાઓ જે નિશ્ચિત સ્થાનમાં/સ્થળ કે મકાનમાં ખસેડતા પહેલા કોઈ પણ પ્રદર્શન માટે મોકલતા પહેલા સરકારની લેખીત પરવાનગી મેળવવાની રહેશે. વળી તે કોઈ વ્યક્તિ કે સંસ્થા પાસે ગીરવે મૂકી શકાશે નહિ અને ખરીદ કર્યા વખતના તેના મૂળભૂત અસલ માપતાલ, વજન કે સ્વરૂપમાં સરકારની પૂર્વ પરવાનગી વિના કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહિ.

14. સંગ્રહાલય પ્રવુત્તિઓની અંતર્ગત સંસ્થા જે જાળવણી, સાચવણી માવજતનું કામ હાથ ધરનાર સંસ્થા/સંગ્રહાલયની પ્રીવેન્ટીવ એન્ડ ક્યુરેટીવ બાબતો આર્થિક સહાય મંજૂર કરતી વખતે વિશેષ ધ્યાનમાં લેવાશે.

15. સંગ્રહાલયો માટે સરકારે સૂચવેલા વખતોવખતના નીતિ નિયમો ધારા ધોરણોનું પાલન સંસ્થાએ /સંગ્રહાલયે પાલન કરવાનું રહેશે અને તેવી લેખિત બાંહેધરી આપવાની રહેશે. એ પ્રમાણેનુ પાલન સંગ્રહાલય/સંસ્થા કરતી નથી એવું નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને પ્રાથમિક તપાસમાં જણાશે તો આર્થિક સહાય અને ચૂકવેલી આર્થિક સહાય સંસ્થા પાસેથી પરત મહેસૂલી રાહે વસૂલ લેવાની કાર્યવાહી કરવામાં આવશે.

16. નિયામકશ્રી, સંગ્રહાલય ખાતુ અથવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર પોતાની ઈચ્છાનુસાર તપાસણી અર્થ બિન સરકારી સંગ્રહાલયની મુલાકાત લઈ શકશે અને સંસ્થાની /સંગ્રહાલયની આર્થિક સધ્ધરતા, વહીવટી સરળતા, નમૂનાઓ, કલાકૃતિઓની જાળવણી, પરિસ્થિતિ બાબતની પોતાની તપાસ અહેવાલ મુલાકાતની તારીખથી એક માસમાં સરકારમાં રજૂ કરવાની રહેશે.

17. સરકાર પાસેથી અર્થિક સહાય મેળવવા ઈચ્છતા સંસ્થાઓ/સંગ્રહાલયે તેના સંગ્રહાલયમાંના તમામ નમૂનાઓ/કલાકૃતિઓ/ચીજ્વસ્તુઓ ગુજરાત રાજ્યના વીમા નિયામકશ્રી, અમદાવાદ પાસે Ensure કરાવવાના રહેશે અને તે માટે માર્ગદર્શન અર્થે નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો સંપર્ક સાધવાનો રહેશે.

18. આર્થિક સહાય માટેની અરજી સંસ્થા નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૭ દ્વારા મંજૂરી મળ્યા બાદ જ જે તે સંસ્થાને સહાય ફાળવવાની રહેશે .

19. આર્થિક સહાય નીચેની બાબતો માટે આપવામાં આવશે.

    (૧) સંગ્રહાલયની ચીજ્વસ્તુઓ (Exhibits)

    (૨) સંગ્રહાલય માટે ઉપકરણો (Equipments)

    (3) પ્રકાશનો (Publications)

    (૪) પુસ્તકાલય (સંગ્રહાલ વિષયક) (Museums Related)

સહાયક અનુદાન મેળવવા માટે સંસ્થાએ આ સાથે બિડેલ ચેક લિસ્ટ મુજબ માહિતી ભરી પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકશ્રીની કચેરી, સંગ્રહાલય ખાતું, ગુજરાત રાજય, અભિલેખાગાર ભવન, પ્રથમ માળ, ફાયર બ્રિગેડની પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર -૩૮૨૦૧૭ને રજૂ કરવાનું રહેશે. (ફોન નં.૦૭૯-૨૩૨-૫૫૭૯૨/૯૩,

નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય/ વિભાગની સબંધિત શાખાએ ઉક્ત સંગ્રહાલયોનું સમયાંતરે નિરીક્ષણ કરવાનું રહેશે.

આ હુકમો આ ફાઈલ પરની વિભાગની ફાઈલ ક્રમાંક : બજટ/૧૦૨૦૧૬/૨૦૯૮/અ ઉપર નાણા સલાહકારશ્રીની તા.૨/૬/૨૦૧૭ની નોંધથી અને સચિવશ્રી(ર.ગ.)ની તા.૬/૬/૨૦૧૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B. Jadav

(બિપિન જાદવ)

સેકશન અધિકારી

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

પ્રતિ.

1. નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
2. માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત મદદનીશ, સચિવાલય
3. માન. રા.ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (ર.ગ.),
4. સચિવશ્રી (ર.ગ.) ના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5. નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૭, ફાયર બ્રિગેડની પાસે, અભિલેખાગાર ભવન, ગાંધીનગર.
6. મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
7. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર/ વડોદરા
8. ક્યુરેટરશ્રી, તમામ સરકારી સંગ્રહાલય (નિયામકશ્રી મારફત)
9. ક્યુરેટરશ્રી, તમામ બિનસરકારી ખાનગી સંગ્રહાલય (નિયામકશ્રી મારફત) (યાદી સામેલ)
10. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્યમાં આવેલ તમામ U.G.C. માન્ય યુનિવર્સીટી અને તેમના ઈતિહાસ / પુરાતત્વ વિભાગના વડા (નિયામકશ્રી મારફત)
11. કમિશ્નરશ્રી, પ્રવાસન, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
12. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર *
13. નિવાસી ઑડીટ અધિકારી, ગાંધીનગર
14. વિભાગ હસ્તક તમામ ખાતાના વડાઓ/અકાદમીઓ
15. વિભાગની તમામ શાખાઓ
16. કમિશ્નરશ્રી, માહિતી ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર (ગુજરાત અંકમાં પસિધ્ધી અર્થે)
17. સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ /સિલેક્ટ ફાઈલ
18. સીસ્ટમ મનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ- વિભાગની વેબસાઈટ પર upload કરવા બાબત